# -: ઠરાવ :-

## ક્રિ.કેસ.નં.99540/19

૧. આરોપી હાજર થતા રુબરુમાં પુછતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીને તેના સામેના ગુનાની સજાની જોગવાઇ અને દંડની સજા કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો કબુલ સ્વેચ્છાએ કરે છે. અને જણાવે છે, કે તેમનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ ગરીબ અને બાલ-બચ્ચાવાળા માણસ છે. તેઓના કુટુંબની જવાબદારી તેમના માથે છે. ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેની ખાતરી આપે છે. તેથી દયા બતાવી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોય તે નહી માનવા માટે કોઇ કારણ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઇ ગુનાની કાયદાથી નિયત થયેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા આરોપીને સમય સંજોગો અને પરિસ્થિતીને ધ્યાને લઇ મેજીસ્ટ્રેટશ્રી કરી શકે છે. આ કેસમાં આરોપીની રજુઆત લક્ષમાં લઇ તથા ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરનો ચુકાદો ધ્યાનમાં લઇ ન્યાન હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# -: હુકમ :-

આરોપીને ઇન્ડીયન રેલ્વે એકટ ૧૯૮૯ની કલમ 141 અન્વયે રુપિયા ( અંકે રુપિયા 500/- ) નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો દિન 02 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચીને જાહેર કર્યો.

Date.15/11/19
અમદાવાદ.

એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ.
કોર્ટ નં.૦૫, અમદાવાદ.